



# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY


Azadi Ka Amrit Mahotsav

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જાન્યુઆરી ૧૫, ૨૦૨૩ • પોષ વદ ૮ સંવત ૨૦૭૯



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi, IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


## અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શાનદાર પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ




મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩ના શુભારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરાવેલી કાઇટ ફેસ્ટીવલની પરંપરા આજે વૈશ્વિક ઓળખ બની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની પતંગ સતત બે દાયકાથી નવી ઉંચાઇઓ પાર કરી રહી છે. પતંગ મહોત્સવ આકાશને આંબવાનો, નવી ઉંચાઇઓ સર કરવાનો અવસર છે. પતંગ ઉન્નતિ, પ્રગતિ અને ઉડાનનું પ્રતિક છે અને કાઇટ ફેસ્ટિવલ જેવા ગુજરાતના તહેવારો ઇન્ટરનેશનલ એટ્રેક્શન બન્યા છે. ગુજરાતના પતંગ ઉદ્યોગ અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આપણા પરંપરાગત તહેવારો, ઉત્સવોને જનભાગીદારી સાથે લોકઉત્સવ તરીકે ઉજવવાની નવતર પરંપરા આપી છે. આના પરિણામે બે દાયકા પહેલાં ગુજરાતમાં જે પતંગોનો વેપાર માત્ર ૮ થી ૧૦ કરોડ રૂપિયાનો હતો હવે દેશની કાઇટ ઇન્ડસ્ટ્રીનો ૪૦ ટકા હિસ્સો એકલુ ગુજરાત ધરાવે છે. વાર્ષિક ટર્ન-ઓવર રૂપિયા ૬૨૫ કરોડ છે અને લગભગ ૧ લાખ ૩૦ હજાર જેટલા લોકો પતંગ ઉદ્યોગમાં રોજગાર મેળવે છે.

(Source : https://cmogujarat.gov.in)

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ભારત ખાતેના બ્રિટીશ હાઇકમિશનર શ્રી એલેક્સ એલીસ



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ભારત ખાતેના બ્રિટીશ હાઇકમિશનર શ્રીયુત એલેક્સ એલીસે (Mr. Alex Ellis) ગાંધીનગરમાં લીધી હતી. આ મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ તેમને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતના યજમાન પદે યોજાનારી G-20 સમિટની ૧૫ જેટલી વિવિધ બેઠકો ગુજરાતમાં યોજાવાની છે તેની રૂપરેખા આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે બ્રિટીશ હાઇકમિશનરશ્રીને તેમના આ ગુજરાત પ્રવાસ દરમ્યાન સ્ટેચ્યુ ઓફ યુનિટિની મુલાકાત લેવાનો પણ અનુરોધ કર્યો હતો. આ મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર સહભાગી થયા હતા.

(Source : https://cmogujarat.gov.in)

વ્હાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

# ગુજરાતી સોસાયટી ઓફ સધર્ન કેલિફોર્નિયાની થેંક્સ ગિવિંગ પાર્ટી

કેલિફોર્નિયા સ્થિત અગ્રણી ગુજરાતી સોસાયટી ઓફ સધર્ન કેલિફોર્નિયા (GSSC) દ્વારા તેમના તમામ સભ્યોને બિગ થેન્ક યુ કહેવા માટે એક મનોરંજક ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ ઘનશ્યામસિંહ ઝાલાએ સૌનું સ્વાગત કર્યું હતું જ્યારે ડાયરેક્ટર રાજેન્દ્ર વોરાએ ઇન્ડિયન એમબેસી ઇન્કમટેક્સ ઓવરસીઝ યુનિટના ફર્સ્ટ સેક્રેટરી જિગર રાવલ અને ધૂમ મચા લે ગ્રુપના કલાકારોનો પરિચય કરાવ્યો હતો. મનોરંજનકારો એટર્ની અંજુ મુલતાની, ડૉ. પ્રમોદ મુલતાની, ડૉ. રમેશ પટેલ અને રાજ પંજાબી હતા. ડાયરેક્ટર જગદીશ પુરોહિતે તમામ સભ્યો, સ્થાપક બી. યુ. પટેલ અને ચેરવુમન પુષ્પા પટેલનો કાર્યક્રમનું આયોજન કરવાની સુવિધા આપવા બદલ આભાર માન્યો હતો. (સંદર્ભ : ગુજરાત ટાઇમ્સ, અમેરિકા તા. ૧૩.૧.૨૦૨૩)



# ન્યુ યોર્કના ગુજરાતી સમાજે પ્રમુખ સ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઉજવ્યો

માત્ર ભારતમાં જ નહીં, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, એશિયા, યુરોપ જેવા ખંડોના વિવિધ દેશોમાં પણ પ્રમુખ સ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે ૧૧ ડિસેમ્બરના રોજ ક્વિન્સમાં ન્યુ યોર્કના ગુજરાતી સમાજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. 'વિશ્વ એક પરિવાર છે' વિષય પર યોજાયેલ આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા ભક્તો, સમાજના આગેવાનો તેમજ ૧૫ જેટલી સંસ્થાઓ ઉપસ્થિત રહી હતી. ઉજવણીમાં પ્રમુખ સ્વામી મહારાજે શીખવેલ મુખ્ય ચાર બાબતો પર ભાર આપવામાં આવ્યું હતુંઃ સેવાની ભાવના, સાર્વત્રિક પ્રેમ, સંસ્કૃતિ તથા સમાજ માટે કાર્ય કરવું. કાર્યક્રમમાં યુવાઓ દ્વારા વક્તવ્ય, નાટક અને નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

(Source : www.gujaratsamachar.com)



# શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા ૮૫ હજાર NRI આવ્યા

પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવમાં દરરોજ એક લાખથી વધુ જ્યારે શનિવાર અને રવિવારના દિવસે બે લાખથી વધુ લોકો નગરની મુલાકાતે આવે છે. શતાબ્દી મહોત્સવમાં અત્યાર સુધી ૮૫૦૦૦થી વધુ એનઆરઆઇ આવી ચૂક્યા છે જેમાં સૌથી વધુ ૪૦ હજાર અમેરિકા-કેનેડાથી, આફ્રિકા અને યુકે-યુરોપથી ૧૦-૧૦ હજાર અને ગલ્ફ દેશોમાંથી પણ પાંચ હજારથી વધુ વિદેશી નાગરિકો આવ્યા છે અને મહોત્સવના અંત સુધીમાં વિદેશથી બીજા ૨૫ હજારથી વધુ લોકો આવવાનો અંદાજ છે. એવા પણ એનઆરઆઇ નાગરિકો છે જેઓ રજીસ્ટ્રેશન વગર પણ મહોત્સવમાં આવી રહ્યા છે. આ ઉપરાંત નગરમાં ૬૦૦ લોકો આફ્રિકાથી, ૧૫૦થી વધુ લોકો યુકે અને યુરોપના દેશોમાંથી તેમજ અન્ય દેશોના મળી એક હજારથી વધુ લોકો અહીં સ્વયંસેવક તરીકે સેવા આપી રહ્યા છે.

વિદેશથી આવતા નાગરિકોમાં સૌથી વધારે સંખ્યા ગુજરાતના લોકોની છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યના અનુયાયીઓ પણ આ મહોત્સવમાં આવી રહ્યા છે. તો વિદેશી મૂળના નાગરિકો પણ પાછળ નથી અને તેઓ પણ મોટી સંખ્યામાં મહોત્સવઆ ભાગ લેવા અમદાવાદ પહોંચી રહ્યા છે. ૧૫ ડિસેમ્બરે મહોત્સવ શરૂ થયો તે પહેલાં જ એટલે કે ૧૪ ડિસેમ્બર સુધી લગભગ ૬૮ હજાર લોકે સત્તાવાર રજીસ્ટ્રેશન કરવી લીધું હતું. ત્યારબાદ મહોત્સવ શરૂ થતાં ત્રણ દિવસમાં ૧૨ હજારથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું. નાતાલની રજાઓ શરૂ થયા બાદ મોટી સંખ્યામાં લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું. વિદેશથી આવતા મહેમાનો માટે પ્રમુખસ્વામી નગરમાં અલગથી વ્યવસ્થા કરાઇ હતી. (સંદર્ભ : ગુજરાત સમાચાર, યુકે, તા. ૧૪.૧.૨૦૨૩, https://cdn.siasat.com)



# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિ:

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ ક્લાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોક્ત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

### આપ જોડાયા?

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.


## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડૉલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# કેનેડા : ૪.૩૧ લાખ ઇમિગ્રન્ટ્સ કાયમી રહેવાસી જાહેર થયા

કેનેડામાં વસવાટ કરવાના સપના જોનારાઓ માટે સારા સમાચાર છે. કેનેડાએ ઇમિગ્રન્ટ્સને કાયમી નિવાસી બનાવવાની યોજનાને પ્રાથમિકતા આપી છે અને ૨૦૨૨માં આ લક્ષ્યને પૂર્ણ કર્યું છે. વડાપ્રધાન જસ્ટિન ટુડોએ દેશમાં કુશળ શ્રમિકોની સંખ્યા વધારવા માટેની યોજના હેઠળ ૨૦૨૨માં ૪,૩૧,૦૦૦થી વધારે ઇમિગ્રન્ટ્સને કાયમી રહેવાસી શ્રેણીમાં સામેલ કર્યા છે. કેનેડાના ઇતિહાસમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં લોકોને આ શ્રેણીમાં ઉમેરાયા છે. ઇમિગ્રેશન, રિફ્યુઝી અને સીટીઝનશીપના જણાવ્યા અનુસાર ઇમિગ્રન્ટ્સને કાયમી રહેવાસી બનાવવા માટે ટુડો સરકાર દ્વારા નિર્ધારિત ૨૦૨૨ના લક્ષ્યને પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ૨૦૨૧માં ૪ લાખ લોકોને કાયમી રહેવાસી બનાવવામાં આવ્યા હતા.

વર્ષ અને લક્ષ્ય (લાખમાં)

| | |
|---|---|
| ૨૦૨૨ | ૪.૩૧ |
| ૨૦૨૩ | ૪.૬૫ |
| ૨૦૨૪ | ૪.૮૫ |
| ૨૦૨૫ | ૫.૦૦ |

એન્ટારીયોમાં સૌથી વધુ ભારતીય : ૨૦૧૬થી ૨૦૨૧ સુધી જે ઇમિગ્રન્ટ્સ કેનેડા આવ્યા તેમાં ૧૮.૬૫ ટકા ભારતીયો હતા.

૧૪ લાખ લોકો ભારતીય : કેનેડામાં ભારતીય મૂળના લોકોની સંખ્યા ૧૪ લાખ છે. ૨૦૨૧માં ૧ લાખ ભારતીયોને હંગામી શ્રમિક તરીકે વસવાટ કર્યો હતો.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર તા. ૫.૧.૨૦૨૩ )

# સુરક્ષિત જાયેં પ્રશિક્ષિત જાયેં




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પ્રવાસી ભારતીય દિવસની સાથે સાથે એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી હતી. પોસ્ટલ સ્ટેમ્પ ભારતના પ્રવાસીઓના સલામત અને કાનૂની સ્થળાંતરને સમર્પિત છે. વિદેશ મંત્રાલયે 'સુરક્ષિત જાયેં પ્રશિક્ષિત જાયેં' – 'ગો સેફ, ગો ટ્રેઇન્ડ' અભિયાન શરૂ કર્યું છે. આ ઝુંબેશનો ધ્યેય રોજગાર માટે વિદેશ જવા માટે સલામત અને કાયદાકીય માધ્યમોનો ઉપયોગ કરવાના મહત્વ વિશે જનજાગૃતિ વધારવાનો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ECR લોકોને માત્ર eMigrate પોર્ટલ દ્વારા જ વિદેશમાં રોજગાર માટે જવાની સલાહ આપવામાં આવે છે. સ્થળાંતર પ્રક્રિયાને ઓનલાઈન કરીને અને વિદેશી નોકરીદાતાઓ સહિત તમામ હિતધારકોને એક સામાન્ય પ્લેટફોર્મ પર લાવીને સ્થળાંતર કરતાં કામદારોની સમસ્યાઓને ઉકેલવા માટે ઈ-માઈગ્રેટ પોર્ટલ શરૂ કરાયું છે. આ પોર્ટલમાં બે લાખથી વધુ વિદેશી નોકરીદાતાઓ અને બે હજાર પાંચસોથી વધુ નોંધાયેલા રિક્રુટમેન્ટ એજન્ટ્સ છે. પોર્ટલમાં રજિસ્ટર્ડ અને અનરજિસ્ટર્ડ રિક્રુટમેન્ટ એજન્સીઓની યાદી પણ છે.

(Source : https://newsonair.com)

# પ્રવાસી ભારતીય દિવસ પર યુકે-ઈન્ડિયા યંગ પ્રોફેશનલ સ્કીમનો પ્રારંભ કરાયો

૩૦૦૦ ભારતીય અને બ્રિટિશ યુવાઓને એકબીજાના દેશમાં વસવાટ, અભ્યાસ અને કામ કરવાની પરવાનગી આપતી યુકે-ઈન્ડિયા યંગ પ્રોફેશનલ સ્કીમનો ગયા સપ્તાહમાં લંડન સ્થિત ભારતીય હાઇ કમિશન ખાતે પ્રારંભ કરાયો હતો. બ્રિટન ખાતેના ભારતીય હાઇ કમિશનર વિક્રમ દોરાઈસ્વામી અને યુકે હોમ ઓફિસના પર્મેનેન્ટ સેક્રેટરી મેથ્યુ રાયક્રોફ્ટે આ સ્કીમના દસ્તાવેજોની આપલે કરી હતી. આ સ્કીમનો પ્રારંભ આમ તો માર્ચથી થવાનો હતો પરંતુ પ્રવાસી ભારતીય દિવસના અનુસંધાનમાં પ્રારંભ કરી દેવાયો હતો.

આ સ્કીમ અંતર્ગત ૧૮થી ૩૦ વર્ષના ભારતીય અને બ્રિટિશ યુવાઓ નોકરી નહીં હોય તો પણ બે વર્ષ સુધી એકબીજા દેશમાં વસવાટ કરી શકશે. આ સમયગાળા દરમિયાન તેઓ નોકરીની તલાશ કરી શકશે, નોકરી કરી શકશે, અભ્યાસ કરી શકશે, સ્વયંસેવી કાર્યો કરી શકશે અથવા તો પોતાનો બિઝનેસ પણ શરૂ કરી શકશે. પરંતુ આ માટેનો તમામ ખર્ચ તેમણે પોતે ઉઠાવવાનો રહેશે. આ સ્કીમ અંતર્ગત બ્રિટન આવનારા ભારતીયોને સરકાર દ્વારા અપાતા કોઈપણ લાભ મળશે નહીં. તેમનો વિઝા લંબાવી શકાશે નહીં.

આ પ્રસંગે દોરાઈસ્વામીએ જણાવ્યુ હતું કે તમે કોઈપણ અભ્યાસ કરી શકો છો, દરરોજ મ્યુઝિયમની મુલાકાત લઈ શકો છો. આ સ્કીમ અંતર્ગત આવનારે નોકરી કરવી જ એવું જરૂરી નથી. આ સ્કીમનો મૂળ હેતુ બંને દેશના યુવાનો એકબીજાના દેશમાં જઈને રહી શકે, અભ્યાસ અને નોકરી કરી શકે અને એકબીજાના દેશનો અભ્યાસ કરી શકે તે છે. ભારત પણ ઈચ્છે છે કે બ્રિટિશ યુવાઓ ભારત જાય, કામ કરે અને ભારત અંગે જાણકારી મેળવે.

તેમણે જણાવ્યુ હતું કે આ સ્કીમનો મૂળ હેતુ એ છે કે બંને દેશના યુવાઓ નોકરી મેળવી શકે, તકોનું સર્જન કરી શકે, બિઝનેસ કરી શકે, સ્ટાર્ટ અપ શરૂ કરી શકે, નવા સંશોધનો કરી શકે જેથી બંને દેશ વચ્ચેની ભાગીદારી પણ મજબૂત બને. આ સ્કીમમાં યુવાઓની પસંદગી બેલટ દ્વારા કરાશે.

(સંદર્ભ : ગુજરાત સમાચાર, યુકે, તા. ૧૪.૧.૨૦૨૩)

# દેશમાં કુલ કાર ઉત્પાદનમાંથી ૪૦ ટકાથી વધુ કાર મેડ ઇન ગુજરાત,

## વાર્ષિક ૧૨-૧૩ લાખ કારની ઉત્પાદન ક્ષમતા

૨૦૧૦માં તાતા મોટર્સે દેશની સૌથી નાની કારનું સપનું નેનો કાર સાણંદ પ્લાન્ટમાં બનાવી પૂર્ણ કર્યું અને ત્યારબાદ અન્ય મોડલ અને ઇલેક્ટ્રિક વાહનોમાં સૌથી વધુ ઉત્પાદન કરતી કંપની બની ચૂકી છે. તાતા મોટર્સે ફોર્ડ ઇન્ડિયાના ગુજરાતના સાણંદ સ્થિત મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટને ૭૨૫.૭ કરોડ રૂપિયામાં હસ્તગત કરી લીધો છે અને હસ્તાંતરણની તમામ કાર્યવાહી પૂર્ણ કરી લીધી છે. તાતા મોટર્સે પોતાની પેટા કંપની દ્વારા આ ફોર્ડનો પ્લાન્ટ ખરીદ્યો છે. કંપની ફોર્ડના પ્લાન્ટમાં ઇલેક્ટ્રિક પેસેન્જર કારનું ઉત્પાદન કરશે અને તેના ઇવી સેગમેન્ટને વેગ આપશે તેવી શક્યતા છે.


તાતા મોટર્સના સાણંદ પ્લાન્ટમાં અત્યારે પેટ્રોલ-સીએનજી અને ઇવી મળીને કુલ સરેરાશ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧.૫ લાખ યુનિટ્સ છે જ્યારે ફોર્ડના પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા ત્રણ લાખ યુનિટ્સ છે આમ કુલ મળીને હવે તાતા મોટર્સ પાસે ઉત્પાદન ક્ષમતા ૪.૫ લાખ યુનિટ્સ પ્રતિ વર્ષ થશે. દેશમાં ગુજરાત ઓટો હબ બની ચૂક્યું છે. દેશમાં કુલ ઉત્પાદન થતી કારમાં ગુજરાતનો હિસ્સો ૪૦ ટકાથી વધુ પહોંચ્યો છે.

ઇલેક્ટ્રિક કારના ઉત્પાદનમાં ગુજરાત આગામી ટૂંક સમયમાં ટોચનું સ્થાન હાંસલ કરે તેવી સંભાવના છે. ગુજરાતમાં અત્યારે ટીયાગો, ટીગોર તથા એમજીની કાર બની રહી છે. તાતા મોટર્સના એક અધિકારીના જણાવ્યા અનુસાર ફોર્ડમાં સૌથી વધુ ઇલેક્ટ્રિક કારનું ઉત્પાદન થશે. કંપની આગામી સમયમાં અન્ય નવાં મોડલ રજૂ કરશે.

### ગુજરાતમાં સરેરાશ વાર્ષિક ૧૨-૧૩ લાખ કારની ઉત્પાદન ક્ષમતા

ગુજરાતમાં કુલ મળીને ૧૨-૧૩ લાખથી વધુ પેસેન્જર કારની ઉત્પાદન ક્ષમતા છે. મારુતિએ કોરોના મહામારી બાદ તેની ઉત્પાદન ક્ષમતામાં વધારો કર્યો છે અને તાજેતરમાં તાતા મોટર્સે ફોર્ડનો પ્લાન્ટ હસ્તગત કર્યો તેનાથી ઉત્પાદન ક્ષમતાને વેગ મળશે. જેના પરિણામે ગુજરાતમાં પેસેન્જર કારની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ધોરણે વધી ૧૨-૧૩ લાખ યુનિટ્સ પહોંચી છે. એટલું જ નહિ દેશમાંથી નિકાસ થતી પેસેન્જર કારમાંથી ગુજરાતનો હિસ્સો ૭૫ ટકાથી વધુ રહ્યો છે. એટલે એમ કહી શકાય કે વિદેશમાં વેચાતી ૧૦ કારમાંથી ૭ કાર 'મેડ ઇન ગુજરાત'ની છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૧૨.૧.૨૦૨૩)



# સરકારની સાનુકૂળ પોલિસી: ગુજરાત ૨૦૩૨ સુધી ૧.૫ ટ્રિલિ. ડોલર ઇકોનોમી બનશે: પ્રકાશ વરમોરા

વૈશ્વિક ફલક પર ભારત લીડર બનવા તરફ સતત આગેકૂચ કરી રહ્યું છે અને આ સપનાને વાસ્તવિક બનાવવામાં દેશના ઉદ્યોગસાહસિકો મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. ઉદ્યોગસાહસિકતા જ સમયની માંગ છે. જીવનમાં સફળ થવા માટે આત્મવિશ્વાસ સૌથી વધુ જરૂરી છે અને જ્યારે તમે કોઇને પ્રેરિત કરશો ત્યારે તે તમારા માટે કંઇક કરવા માટે હંમેશા ઉત્સુક રહેશે. તમારી લોકો સાથે વાતચીત કરવાની ક્ષમતા જ તમને જીવનમાં નવી ઊંચાઇએ પહોંચાડે છે. સંપત્તિનું સર્જન કરવા માટે કંઇ રીતે સ્રોત એકત્ર કરવા તે માટે આપણે ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ શીખવું પડશે તેમ વરમોરા ગ્રુપના ચેરમેન પ્રકાશ વરમોરાએ જણાવ્યું હતું.

આઇ કેન આઇ વિલ ફાઉન્ડેશનની પહેલ ILEADના નેજા હેઠળ આયોજીત કાર્યક્રમ દરમિયાન અનેક ઉદ્યોગસાહસિકોને સંબોધિત કર્યા હતા તેમજ MSME માલિકોને ડિઝાઇન થિન્કીંગ તેમજ ક્યારેય હાર ન માનવા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ઉદ્યોગસાહસિકતામાં સફળ થવા માટે સૌથી મહત્વપૂર્ણ સ્રોત આત્મવિશ્વાસ અને વિચારશક્તિ છે.

સરકારની સાનુકૂળ પોલિસીને કારણે ભારત ઉદ્યોગસાહસિકો તેમજ સાહસો સફળ થઇ શકે તે માટેના તમામ જરૂરી પરિબળો ધરાવે છે. ગુજરાત ઝડપી દરે વિકાસ પામે તે માટેની તમામ ક્ષમતાઓ ધરાવે છે અને વર્ષ ૨૦૩૨ સુધીમાં દોઢ ટ્રિલિયન ડોલરની ઇકોનોમી બનશે. વિશ્વ માટે ગુજરાત એક રોલ મોડલ બની રહેશે. મારું લક્ષ્ય ગુજરાતમાંથી ૧૦ લાખ ઉદ્યોગસાહસિકોનું સર્જન કરવાનું છે જે અર્થતંત્રને વિકાસ તરફ દોરવા ઉપરાંત નવી રોજગારીનું તકોનું સર્જન કરવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે. આઇ કેન આઇ વિલ ફાઉન્ડેશનના શ્યામ તનેજાએ જણાવ્યું હતું કે તેમની સંસ્થા MSME માલિકોને તેમની ક્ષમતાના સંપૂર્ણપણે ઉપયોગ અને ભારત નિર્માણના લક્ષ્યમાં યોગદાન આપવા માટે સતત પ્રેરિત કરતી રહેશે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૧૦.૧.૨૦૨૩)

# ગુજરાતમાં રીઅલ એસ્ટેટમાં NRIનું વધી રહેલું વર્ચસ્વ

૨૦૨૨નું વર્ષ રીઅલ એસ્ટેટ માટે સુવર્ણ સાબિત થયું છે ત્યારે નવું વર્ષ પણ મજબૂત રહેશે એવો અંદાજ અત્યારથી સાંપડી રહ્યો છે. ડોલરની મજબૂતીના કારણે અને ગુજરાત આ સેગમેન્ટમાં રોકાણ માટે શ્રેષ્ઠ વળતરદાયી સાબિત થઈ રહ્યું હોવાથી NRIનું આકર્ષણ ઝડપભેર વધવા લાગ્યું છે. અત્યાર સુધી ગુજરાતમાં હાઉસિંગ સેગમેન્ટમાં NRIનો હિસ્સો માત્ર પાંચ ટકા આસપાસ હતો જે વધીને અત્યારે ૮-૧૦ ટકા સુધી પહોંચ્યો છે. ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ અન્ય ટોચના સેક્ટરમાં ઝડપી ગ્રોથ સાધી રહ્યું છે. ગિફ્ટ સિટીના કારણે વિદેશી રોકાણકારોનું આકર્ષણ ઝડપી વધી રહ્યું હોવાનું નિષ્ણાતોનું માનવું છે. ગિફ્ટ સિટીમાં આગામી ત્રણથી પાંચ વર્ષમાં આ સેગમેન્ટમાં ૨૦થી ૨૫ હજારનું નવું રોકાણ આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૨ દરમિયાન દેશના હાઉસિંગ માર્કેટનું પ્રદર્શન મજબૂત રહ્યું છે. હાઉસિંગ માર્કેટમાં સરેરાશ ગ્રોથ નોંધાયો છે. દેશના ૧૨ મોટા શહેરમાં મકાનોની કુલ માંગ એક વર્ષ પહેલાની તુલનામાં ૧૯ ટકા વધી છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૯.૧.૨૦૨૩)




# ૧૭મો પ્રવાસી ભારતીય દિવસ



પ્રવાસી ભારતીય દિવસ (PBD) સંમેલન ભારત સરકાર દ્વારા યોજવામાં આવે છે. આ કાર્યક્રમ વિદેશમાં વસતા ભારતીયો સાથે જોડાવા માટે અને ડાયસ્પોરા (વિદેશી ભારતીય નાગરિકો) એકબીજા સાથે સંપર્ક કરી શકે તે માટે તેમને સમર્થ બનાવવા માટેનું એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે. ઇન્દોરમાં ૮થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન મધ્યપ્રદેશ સરકારની ભાગીદારી સાથે ૧૭મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ PBD સંમેલનની થીમ 'ડાયાસ્પોરાઃ અમૃતકાળમાં ભારતની પ્રગતિ માટે વિશ્વસનીય ભાગીદારો' રાખવામાં આવી હતી. લગભગ ૭૦ દેશોમાંથી ૩૫૦૦ કરતાં વધુ ડાયસ્પોરા સભ્યો આ સંમેલનમાં હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. ગયાનાના પ્રમુખ મોહમ્મદ ઈરફાન અલી, સુરીનામના પ્રમુખ ચંદ્રિકા પ્રસાદ સંતોખી, ઓસ્ટ્રેલિયાના સંસદ સભ્ય ઝેનેટા મસ્કરેન્હાસ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે લગભગ ચાર વર્ષ બાદ ફરીવાર પ્રવાસી ભારતીય સંમેલન તેના મૂળ સ્વરૂપમાં યોજાઈ રહ્યું છે.

જ્યારે દુનિયાના વિવિધ દેશોમાં આપણા લોકો જોવા મળે છે ત્યારે વસુધૈવ કુટુંબકમની ભાવના દેખાય છે. જ્યારે વિશ્વના વિવિધ દેશોમાં ભારતની શાંતિ અને તેની લોકશાહીની ચર્ચા થાય છે તો તેનાથી દેશનું ગૌરવ વધે છે.

શ્રી મોદીએ કહ્યું હતું કે તમે જ્યાં રહો છો ત્યાં ભારતને સાથે રાખો છો. વિદેશમાં કોઈ ભારતીય મળે છે ત્યારે લાગે છે કે જાણે ભારત મળ્યું! અહીં હાજર દરેક NRIએ પોતપોતાના ક્ષેત્રમાં અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. હું તમામ ભારતીય વિદેશીઓને ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કહું છું. ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે તમારી ભૂમિકા વિવિધ છે. તમે મેક ઇન ઇન્ડિયા, યોગ, હેન્ડીક્રાફ્ટ ઇન્ડસ્ટ્રી તેમજ ભારતીય મિલેટ્સના બ્રાન્ડ એમ્બેસેડર છો.

(Sources & Photo Courtesy : www.narendramodi.in)



NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



NRGF Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)

# સૂર્યોપાસનાનું પર્વ મકરસંક્રાંતિ

મકરસંક્રાંતિ મૂળ આર્યધર્મ અને આર્ય સંસ્કૃતિનો ઉત્સવ છે. સૂર્યને ઇશ્વર ગણતાં આર્યોનાં આગમનનો ઉત્સવ છે. વેદો, પુરાણો અને ઉપનિષદોમાં સૂર્યદેવને સાક્ષાત્ પર બ્રહ્મના રૂપમાં પ્રતિષ્ઠિત કરેલ છે. સૂર્ય એ દરિદ્રતાનો નાશ કરનાર, પાપરોગ અને દુઃખ હરનાર છે. સમગ્ર ગ્રહોના રાજા ભગવાન સૂર્યદેવ બાર રાશિમાં લગભગ એક એક માસને અંતરે પ્રવેશ કરે છે. તેથી એક વર્ષમાં સૂર્યદેવ બાર રાશિમાં પ્રવેશ કરે છે. આપણે તેને સંક્રાંતિ કહીએ છીએ. પહેલો ઉત્તરાયણ અને બીજો દક્ષિણાયાન. આ બન્ને અયન મળીને એક વર્ષ થાય છે. મકરસંક્રાંતિના દિવસે સૂર્ય દિશા બદલીને થોડો ઉત્તરની તરફ ઢળે છે. એટલે કે મકર રાશિમાં પ્રવેશ કરતા આ કાળ કે સમયને ઉત્તરાયણ કહે છે. મકરસંક્રાંતિ એક ખગોળીય ઘટના છે અને જેનાથી જડ અને ચેતનની દિશા અને દશા નક્કી થાય છે.

## ધર્મ-અધ્યાત્મ-વિજ્ઞાનનો સમન્વય

આ તહેવાર એવો છે કે જે અંગ્રેજી મહિના અનુસાર ૧૪મી જાન્યુઆરીએ આવે છે. ભારતમાં ધાર્મિક, આધ્યાત્મિક, વૈજ્ઞાનિક અને જ્યોતિષીય દૃષ્ટિએ મકરસંક્રાંતિનું વિશેષ મહત્ત્વ છે. આની પહેલાં સૂર્ય ધન રાશિમાં હતો, ધન રાશિમાં સૂર્ય પ્રવેશ કરે છે ત્યારે ભારતીય પંચાંગ પ્રમાણે કમુરતાં ચાલતાં હોય છે. એટલે કે લગ્ન આદિ માંગલિક કાર્યો થતાં નથી. જ્યારે મકર રાશિમાં સૂર્ય આવતાંની સાથે જ શુભ કાર્યો કરવાની લીલી ઝંડી મળી જાય છે.

વિવિધ પુરાણોમાં જણાવ્યા અનુસાર સૂર્યદેવનો જન્મ કશ્યપ મુનિના અંશ અને માતા અદિતિના ગર્ભથી થયેલો, એટલે સૂર્યદેવ આદિત્યના નામથી જગપ્રસિદ્ધ થયા. વેદો, પુરાણો અને ઉપનિષદોમાં સૂર્યદેવને સાક્ષાત્ પરબ્રહ્મના રૂપમાં પ્રતિષ્ઠિત કરેલ છે. જ્ઞાન, વિવેક, યશ, વિદ્યા, સન્માન અને આર્થિક પ્રાપ્તિ સૂર્ય આરાધનાથી પ્રાપ્ત થાય છે. ભારતીય પરંપરામાં તો વેદકાળથી જ સૂર્યનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. સૂર્ય એ દરિદ્રતાનો નાશ કરનાર, પાપરોગ અને દુઃખ હરનાર છે. મહર્ષિ યાજ્ઞવલ્કજીએ સૂર્યકૃપાથી જ વેદમંત્રોનું દર્શન કર્યું હતું. મકરસંક્રાંતિના દિવસે ગાયત્રી ઉપાસનાનું પણ વિશેષ મહત્ત્વ છે. શ્રીમદ્ ભાગવતમાં કહેવાયું છે કે સૂર્ય દ્વારા જ દિશા, આકાશ, સ્વર્ગ, ધુલોક, ભૂલોક, મોક્ષ, નરક અને રસાતલ તથા સમસ્ત લોકોનું વિભાજન થાય છે. આ દિવસે શનિદેવની શાંતિ માટે, કૃપા મેળવવા માટે સુવર્ણ, કાળા તલ, લોખંડ, ઇન્દ્રજવ, નીલમ, અડદ, સરસિયું તેલ, કામળી, છત્રી, કાળું વસ્ત્ર અને ભેંસનું દાન કરવાથી સંપૂર્ણ શાંતિ થાય છે. સ્કંદ પુરાણ અનુસાર આ દિવસે તલ, ફળ, ઘી, ગોળ, અનાજ, કપડાં, રોકડ રકમ અને સુવર્ણ દાનનો મહિમા અનેરો છે. આમ સૂર્યદેવની આરાધના, ઉપાસના કે પૂજન-અર્ચન કરવાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની આરાધનાનું ફળ મળે છે.

## સૂર્યનું પવિત્ર અયન

ઉત્તરાયણ એ સૂર્યનું પવિત્ર અયન ગણાય છે. શ્રીમદ્ ભગવદગીતામાં આઠમા અધ્યાય 'અક્ષર બ્રહ્મયોગ'માં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ ઉત્તરાયનમાં મૃત્યુ પામેલા બ્રહ્મજ્ઞાની બ્રહ્મપદને પામે છે. જ્યારે પાછલા છ માસના દક્ષિણાયનમાં મૃત્યુ પામનાર ચંદ્રની જ્યોતિ પામી ફરી આ લોકમાં આવે છે. મહાભારત કાળમાં અર્જુનનાં બાણોથી વીંધાઈને બાણશય્યા પર સૂતેલા અને ઇચ્છા મૃત્યુનું વરદાન ધરાવતા ભીષ્મ પિતામહે પોતાનો દેહ ત્યાગવા માટે મકરસંક્રાંતિના દિવસની જ પસંદગી કરી હતી.

## આર્યોના આગમનનો ઉત્સવ

મકરસંક્રાંતિ મૂળ હિન્દુ ધર્મનું પર્વ છે. આર્યધર્મ અને આર્ય સંસ્કૃતિનો ઉત્સવ છે. સૂર્યને ઇશ્વર ગણતાં આર્યોના આગમનનો ઉત્સવ છે. મધ્ય એશિયાથી ઇરાન થઈ જ્યારે આર્યો હિન્દુસ્તાનમાં પ્રવેશ્યા ત્યારે તેની યાદગીરીનો ઉત્સવ મકરસંક્રાંતિ છે. કોઈને યાદ હશે ખરું કે સૂર્યનું પણ એક નામ પતંગ છે. આ દિવસે પતંગ ઉડાવવાની પરંપરાનો ઉલ્લેખ રામચરિત માનસમાં તુલસીદાસે પણ કર્યો છે. તેમાં બાલકાંડમાં ઉલ્લેખ છે કે 'રામ ઇક દિન ચંગ ઉડાઈ ચંદ્રલોક મેં પહૂંચી ગઈ'. ત્રેતાયુગમાં આવા ઘણા પ્રસંગ છે જ્યારે ભગવાન શ્રીરામે પોતાના ભાઈઓ અને હનુમાનજી સાથે પતંગ ઉડાડી હતી.

## સંક્રાંતઃ અનેક નામ, અનેક રૂપ

મકરસંક્રાંતિનું પર્વ પ્રાચીન અને વ્યાપક પણ છે. ભારતમાં સંક્રાંત અનેક નામ અને રૂપ ધારણ કરીને પ્રચલિત છે. જેમ કે પંજાબમાં લોહડી, બંગાળમાં સંક્રાંતિ, તમિલનાડુ - દક્ષિણ ભારત - પશ્ચિમ બંગાળમાં પોંગલ, ઉત્તર પ્રદેશમાં સંક્રાંત, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ખીહર અને આપણી ગરવી ગુજરાતમાં તેને મકરસંક્રાંતિ કે ઉત્તરાયણથી આપણે ઊજવીએ છીએ. ઉત્તરાયણના દિવસે ફુલગુલાબી વાતાવરણમાં પતંગોત્સવના મહિમાની સાથે સાથે તલગોળની ચિક્કી, સીંગની ચિક્કી, શેરડી, જામફળ, બોર, ખજૂર, જીંજરા અને ચટાકેદાર સુરતી ઊંધિયુ ને રસઝરતી જલેબી ખાવાનું ચલણ માત્ર ગુજરાતીઓમાં જ છે. રાત્રે ફટાકડાની આતશબાજી અને ઝગમગતી તુક્કલોની વચ્ચે આ પર્વને હર્ષોલ્લાસથી ઊજવે છે.

પતંગબાજીનો શોખ નવાબી શોખ કહેવાતો અને ઇ.સ. પૂર્વ ૨૦૬માં પ્રથમ પતંગ ચગાવનાર ચીનના હુઆન થેંગ હતા તેમ મનાય છે. ચીનમાં પતંગનો ઉપયોગ લશ્કરમાં સંકેત તરીકે કરાતો હતો. આ પતંગબાજીનો શોખ ઊડતાં ઊડતાં ભારતખંડમાં, પશ્ચિમ એશિયામાં, અગ્નિ એશિયામાં, ઇજિપ્તમાં, ગ્રીસ અને હિન્દુસ્તાનમાં આવ્યો. હિન્દુસ્તાનમાં સર્વ પ્રથમ પતંગબાજી ૧૭૫૦ની સાલમાં શાહઆલમના કાળમાં થઈ હતી. નવાબો તેમજ શહેનશાહોએ આ પતંગબાજીને શાહી રમતનો દરજ્જો આપ્યો, જે ફૂલીફાલીને અમદાવાદ, સુરત, વડોદરા જ નહીં બલકે સમગ્ર ગુજરાતમાં મોજમજા અને પ્રમોદનો લહાવો લૂંટતી પ્રજાજનોના ઉત્સવપ્રિય માનસને પોષી રહી છે.

(Source : www.gujarat-samachar.com)

# વાપીના હાર્દિક જોશીને 'એક્સિલેન્ટ ચેમ્પિયન ઇન કરાટે' એવોર્ડ

કેલિફોર્નિયા માર્શલ આર્ટની દુનિયામાં વાપીના હાર્દિક જોશીએ વિશ્વ કક્ષાએ તેમની કળાને ઝળહળાવી છે. વર્લ્ડ કરાટે માસ્ટર્સ એસોસિએશન એક્સેલેન્ટ એવોર્ડ ૨૦૨૨ માટે વિશ્વભરના દોઢ લાખ કરાટે માસ્ટર્સમાંથી ૧૦૦ કરાટે માસ્ટર્સને નોમિનેટ કરવામાં આવ્યા હતા જે બાદ વિશ્વભરમાંથી ૧૦૦ બ્લેક બેલ્ટ માસ્ટર્સને એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જેમાં વાપીના હાર્દિક જોશીને નોમિનેટ આપી એમને 'એક્સિલેન્ટ ચેમ્પિયન ઇન કરાટે ૨૦૨૨' એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો છે.

(સંદર્ભ : સંદેશ, તા. ૧૧.૧.૨૦૨૩)






# બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ દ્વારા ગિરનાર ગૌરવ એવોર્ડ વિતરણ

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા દાદર, મુંબઈ ખાતે સમાજને ૩૭ વર્ષ પૂરા થવાની ઉજવણીના ભાગ રુપે ૭ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સાંજે ગિરનાર ગૌરવ એવોર્ડ એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતી સમાજની અનેક હસ્તીઓ હાજર રહી હતી. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના સંસ્થાપક પ્રમુખ હેમરાજ શાહના હસ્તે બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી આશા પારેખને આ કાર્યક્રમમાં લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઓડિશાના કેબિનેટ પ્રધાન રાજેન્દ્ર ધોળકિયા અને Tv9 ગુજરાતી ન્યૂઝના ચેનલ હેડ કલ્પક કેકરેને ગિરનાર એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આચાર્ય ગુરુદેવ શ્રી ભાવચંદ્રજીસ્વામી વતી તેમનાં સંસારી સગાંઓએ પુરસ્કાર સ્વીકાર્યો હતો. આ ઉપરાંત મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશનના વાઈસ ચેરમેન અજય આશર, અભિનેતા સંજય ગોરડિયા, સ્નેહા દેસાઈ, અભિનેતા જિમિત ત્રિવેદી, અભિનેતા અતુલ કુલકર્ણી, કલ્પક કેકરે, પ્રબોધ પરીખ, રેખા ત્રિવેદી, હર્લી ગાલા, અમીષા વોરા, રિઝવાન અડતિયા, ઝૈન અંદાની, જ્યોતીન્દ્ર દવે, સુધીર વોરા, એમ. કે. પટેલ, ચેતન શેઠ અને બાદલ પંડ્યાને ગિરનાર એવોર્ડ એનાયત કરાયો હતો.

(Source : https://tv9gujarati.com)

# દુનિયાભરમાં પ્રવાસી ભારતીયોનો દબદબો

ભારતના મધ્ય પ્રદેશ રાજ્યના ઇન્દોર શહેરમાં ૧૭મા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવી. ૧૯૧૫માં ૯ જાન્યુઆરીએ મહાત્મા ગાંધી દક્ષિણ અફ્રિકાથી ભારત પરત આવ્યા તેની સ્મૃતિમાં વર્ષ ૨૦૦૩થી ભારત સરકારે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શરૂ કરી છે, જેમાં ભારતના વિકાસમાં વિદેશમાં રહીને યોગદાન આપનારા ભારતીયો તેમજ જે તે દેશમાં મહત્વની કામગીરી અને સિદ્ધિ મેળવનારા ભારતીયોનું સન્માન કરવામાં આવે છે. આ વખતે ૨૭ પ્રવાસી ભારતીયોને તેમની સિદ્ધિઓ અને યોગદાન માટે સન્માનિત કરાયાં છે.

ભારતીયો ઘરઆંગણે જ નહીં પરંતુ વિદેશોમાં પણ ડંકો વગાડી રહ્યાં છે. ભારતીયોનું વિદેશ પ્રયાણ આજકાલનું નથી. પૌરાણિક કાળથી આધુનિક સમય સુધી ભારતીયો વેપાર, ઉદ્યોગ, રોજગાર અને અભ્યાસ માટે વિદેશગમન કરતાં રહ્યાં છે. ભારતીયો સદીઓથી વેપાર માટે દરિયો ખેડતા રહ્યાં છે અને વિશ્વના અન્ય દેશોમાં સ્થાયી થયાં. બ્રિટિશ શાસન દરમિયાન ઘણા ભારતીયોને મજૂરી માટે વિદેશોમાં લઈ જવાયાં તો આઝાદી મળ્યા પછી પણ ભારતીયોનું વિદેશગમન અટક્યું નહોતું. વિદેશોમાં ગયેલા આ ભારતીયોએ તેમની મહેનત અને સૂઝબૂઝથી જે તે દેશ અને ભારતના વિકાસમાં યોગદાન જારી રાખ્યું. એક સમયે પશ્ચિમના દેશો ભારતને મદારીઓના દેશ તરીકે ઓળખતા હતા પરંતુ આજે તમામ વિકસિત દેશો ભારતીયોની આન અને બાન સ્વીકારી રહ્યાં છે. ભારત સરકારના આંકડા અનુસાર ૩ કરોડ ૨૦ લાખ ભારતીયો વિશ્વભરના દેશોમાં પથરાયેલાં છે અને દર વર્ષે ૨૫ લાખ ભારતીયો વિદેશગમન કરી રહ્યાં છે. વિદેશોમાં સ્થાયી થયેલાં આ ભારતીયોએ જે તે દેશમાં રાજનીતિથી માંડીને બિઝનેસ અને વિજ્ઞાન સહિતના તમામ સેક્ટરમાં સફળતાના ઝંડા ફરકાવી દીધાં છે. એક સમયે ભારત પર ૨૦૦ વર્ષ રાજ કરનારા બ્રિટનમાં સૌપ્રથમ ભારતીય મૂળના વડા પ્રધાન રિશી સુનાક અત્યારે શાસન ચલાવી રહ્યાં છે. એક અંદાજ પ્રમાણે ફોર્ચ્યુનની યાદીમાં સામેલ ટોચની ૫૦૦ કંપનીમાંથી ૫૮ કંપનીની કમાન ભારતીય મૂળના લોકો સંભાળી રહ્યાં છે. અમેરિકામાં મોટેલ બિઝનેસમાં ગુજરાતીઓને કોઇ પહોંચી શકે તેમ નથી. બ્રિટનમાં પણ ભારતીયોએ તેમના બિઝનેસને સારી રીતે વિકસાવ્યા છે. જર્મનીમાં ઉચ્ચ ડિગ્રી આવશ્યક હોય તેવી નોકરીઓમાં ૫૮ ટકા ભારતીય મૂળના લોકો કામ કરી રહ્યાં છે. મિડલ ઇસ્ટના દેશોની અર્થવ્યવસ્થા ભારતીય કુશળ કામદારો પર ટકેલી છે. ભારતીયો જ્યાં પણ જઇને વસ્યાં છે ત્યાં સ્થાનિક લોકોને સ્પર્ધામાં ટક્કર આપીને આગળ વધી રહ્યાં છે. ઘણા દેશોમાં ભારતીયોની માથાદીઠ આવક સ્થાનિકો કરતાં વધુ રહી છે. આજે પ્રવાસી ભારતીયો સૌથી વધુ રેમિટન્સ મોકલનારો સમુદાય બની ગયો છે. પ્રવાસી ભારતીયો જે તે દેશની સાથે ભારતના વિકાસમાં પણ મોટું યોગદાન આપી રહ્યાં છે તેમાં શંકાને સ્થાન નથી.

(સંદર્ભ : ગુજરાત સમાચાર, યુકે, તા. ૧૪.૧.૨૦૨૩)